BUSINESS મિત્ર

આગામી સપ્તાહમાં US સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર વર્તાશે

શેરબજારમાં અસ્થિરતા રહી, સતત ત્રીજા સપ્તાહમાં આઇટી શેરોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 21: એઆઇના ભયની પાછળ વૈશ્વિક આઇટી શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેમાં ભારતીય આઇટી કંપનીઓ પણ બાકાત નથી. એવા સંજોગોમાં આઇટી શેરોમાં ભારે વેચવાલીથી અન્ય સેકટરો પણ દબાણમાં રહ્યા હતા. વિતેલા સપ્તાહમાં ભારે કડાકા બાદ પણ ધીમો સુધારો જોવાયો હતો. આ પરિસ્થિતિમાં ભારતીય શેરબજારમાં વેચવાલી ચાલુ રહી હતી, જોકે, સપ્તાહના અંતમાં અમેરિકાની સુપ્રિમ કોર્ટના ચુકાદાએ શેરબજારના ઘટાડાને બ્રેક મારી શકે છે. જેની અસર આવતા સપ્તાહમાં જોવા મળશે.

અમેરિકાની સુપ્રિમ કોર્ટે જે ટમ્પના ટેરિફને રદ કરી દીધો છે, જે ચુકાદાથી વિશ્વના અનેક દેશોને લાભ મળશે, પણ આ ચુકાદાની સામે ટ્રમ્પે વિશ્વના તમામ દેશો પર 10 ટકા ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી દીધી છે. આમ, ફરીથી ટેરિફનો મુદ્દો ચગ્યો છે.

ફોરેક્સ બજાર	
ડોલર	90.98 રૂ.
યુરો	107.03 રૂ.
પાઉન્ડ	122.94 રૂ.
યેન	0.5862 રૂ.

ભારતની વાત કરીએ તો તાજેતરમાં ટ્રમ્પ દ્વારા ટેરિફની ઘોષણા કરી હતી અને તે ઘટાડીને 18 ટકા કરી છે, જેનું પ્રોડક્ટ વાઇઝ નિર્ણય બાકી છે. જેની સામે સુપ્રિમ કોર્ટના ચુકાદો આવ્યો અને ટેરિફ રદ કરવાનો ઓર્ડર આપ્યો હતો, તેની સામે ટ્રમ્પે ફરીથી વિશ્વના તમામ દેશો પર 10 ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી છે, પણ આ ટેરિફ અને અગાઉના 18 ટકાના ટેરિફની ઘોષણા કરી છે, તેની ઉપર થશે કે માત્ર 10 ટકા રહેશે, જેની સ્પષ્ટતા નથી. આમ છતાં, આગામી સપ્તાહમાં મોટા ગેપ અપ ઓપનીંગ સાથે ખુલી શકે છે. આ દરમ્યાન અમેરિકાની કોર્ટ અને ટ્રમ્પની વધારાના પગલા પર નજર રહેશે. ગુરૂવારે તીવ્ર વેચવાલી હોવા છતાં, ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સ મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે આઇટી શેરોમાં સતત વેચાણ અને ક્રૂડ ઓઇલના વધતા ભાવ વચ્ચે સાધારણ વધારા સાથે અસ્થિર સપ્તાહનો અંત લાવ્યો હતો.

વિતેલા સપ્તાહમાં બીએસઇ સેન્સેક્સ 187.95 અંક એટલે

કે 0.22 ટકાના વધારા સાથે 82814.71 પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી 100.14 પોઇન્ટ એટલે કે 0.39 ટકા 25571.25ના સ્તર પર બંધ થયા હતા.

વિતેલા સપ્તાહમાં નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ 0.35 ટકાના વધારા સાથે બંધ થયો હતો. જેમાં થર્મેક્સ, ઇન્ડિયન બેન્ક, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ, હિટાચી એનર્જી ઇન્ડિયા, બેન્ક ઓફ ઇન્ડિયા, જીએમઆર એરપોર્ટ્સ, પેટ્રોનેટ એલએનજી, ભારત ડાયનેમિક્સ અને બેન્ક ઓફ મહારાષ્ટ્ર મિડકેપમાં સૌથી વધુ ગેઇનર્સ હતા. બીજી તરફ, બ્રેઇનબીઝ સોલ્યુશન્સ, ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી, હેક્સાવેર ટેક્નોલોજીસ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, વેદાંત ફેશન્સ અને ક્લીન સાયન્સ એન્ડ ટેક્નોલોજીમાં 6થી 18 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

બીએસઇનો લાર્જ-કેપ ઇન્ડેક્સ 0.40 ટકાના વધારા સાથે બંધ થયો હતો. પંજાબ નેશનલ બેંક, કેનેરા બેંક, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, કમિન્સ ઇન્ડિયા, બેંક ઓફ બરોડા અને હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા સૌથી વધુ લાભ મેળવ્યા હતા. વારી એનર્જીસ, ઇન્ફો એજ (ભારત), એટર્નલ, એસઆરએફ, ટેક મહિન્દ્રા, એલટીઆઇ ઇન્ફ્રી અને સ્વિગી ટોચના નુકસાન સાથે હતા.

તે જ સમયે, બીએસઇના સ્મોલકેપ ઇન્ડેક્સમાં 0.40 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં એકિલોન નેક્સસ, ફિલાટેક્સ ફેશન્સ, ટ્રાન્સવર્લ્ડ શિપિંગ લાઇન્સ, ઝેગલ પ્રીપેઇડ ઓશન સર્વિસિસ, સ્ટેલિયન ઇન્ડિયા ફ્લોરોકેમિકલ્સ, એસઇપીસી, શોપર્સ સ્ટોપ અને પેન્નર ઇન્ડસ્ટ્રીઝમાં 16થી 22 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

બીજી તરફ, વીએલ ઇ-ગવર્નન્સ એન્ડ આઇટી સોલ્યુશન્સ, નોવાર્ટિસ ઇન્ડિયા, આરએસીએલ ગિયરટેક, કેઆરએન હીટ એક્સચેન્જર એન્ડ રેફ્રિજરેશન, ગોડફ્રે ફિલિપ્સ ઇન્ડિયા, એરોફ્લેક્સ ઇન્ડસ્ટ્રીઝ, નેટવેબ ટેક્નોલોજીસ ઇન્ડિયા, જ્યોતિ સ્ટ્રક્ચર્સ, ન્યૂજન સોફ્ટવેર ટેક્નોલોજીસ, સાધના નાઇટ્રોકેમ અને જિંદાલ પોલી ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપનીમાં 16થી 28 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સપ્તાહ દરમ્યાન લાર્સન એન્ડ ટુબ્રોમાં માર્કેટ કેપિટલાઇઝેશનમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ એશિયન પેઇન્ટ્સ, ટાઇટન કંપની અને એક્સિસ બેંકનો નંબર આવે છે. બીજી તરફ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, મારૂતિ સુઝુકી ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટ્રેન્ટના માર્કેટ કેપિટલાઇઝેશનમાં ઘટાડો જોવા મળ્યો છે.

સેકટર વાઇઝ વાત કરીએ તો વિતેલા સપ્તાહમાં સેકટરોમાં મિશ્ર વલણ જોવાયું હતું. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 5.5 ટકા, નિફ્ટી એનર્જી ઇન્ડેક્સ 2.4 ટકા અને નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સ 1.7 ટકા વધ્યો હતો. નિફ્ટી ફાર્મા, હેલ્થકેર અને ડિફેન્સ ઇન્ડેક્સ લગભગ 1 ટકા વધ્યા હતા.

જોકે, આ સમયગાળા દરમિયાન નિફ્ટી ઓટો, આઇટી અને મીડિયા સૂચકાંકોમાં 1.3થી 2.5 ટકાનો ઘટાડો થયો હતો. એફઆઇઆઇએ આ સપ્તાહે રૂપિયા 637.68 કરોડની ઇક્વિટીનું વેચાણ સતત બીજા સપ્તાહમાં પણ ચાલુ રાખ્યું હતું. તેનાથી વિપરીત, ડીઆઇઆઇએ તેમની ખરીદી ચાલુ રાખી, રૂપિયા 6883.81 કરોડની ઇક્વિટીની ખરીદી કરી હતી.

સુનાવણી માટે 3 મુદતો ન આપવાના કારણસર અરજદાર વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ આદેશ રદ કરતો

-નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

GST કાયદાની કલમ 75(5) અનુસાર કોઇ વ્યકિત દ્વારા વ્યાજબી કારણોસર સુનાવણી મોકુફ રાખવા જણાવવામાં આવે તો મહત્તમ 3 મુદતો આપવા માટેની જોગવાઇ કરવામાં આવેલ છે.

ત્યારે નામદાર ગુજરાત હાઇકોર્ટે ચૂકાદાથી ઠરાવ્યું કે કલમ 75(5) અનુસાર કોઇ પણ વ્યકિતને સાંભળવા માટે મુદતો મળી શકે છે. ત્યારે તેટલી મુદત ન આપવાના કારણસર તેની વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ આદેશ રદ કરવામાં આવેલ છે. ખેર ! નામદાર ગુજરાત હાઇકોર્ટના કૌશલ કૈલાસચંદ્ર દલાલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયાના સ્પે. સી. એપ્લી.નં. 415/2026ના તા. 16-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત...

અરજદારના કેસમાં અરજદાર દ્વારા જામીન અને તેની ઉપર બાંધવામાં આવેલ બંગલો ખરીદવામાં આવેલ. સપ્લાયર દ્વારા અરજદાર પાસેથી ઉઘરાવેલ વેરાની તેના દ્વારા ચૂકવણીનું પ્રમાણપત્ર મેળવીને વધુ ચૂકવાયેલ વેરાના રિફન્ડ માટે અરજી કરવામાં આવી કારણ કે ચૂકવાયેલ કિંમતમાં જમીનની કિંમત મોટી હતી જયારે સપ્લાયરે જાહેરતામાં અનુસાર કુલ વેચાણમાંથી 1/3 જેટલી જમીનની કિંમત બાદ કરીને બાકીની રકમ ઉપર પિટીશનર પાસેથી વેરો ઉઘરાવીને સરકારી તિજોરીમાં જમા કરેલ હતો. પરંતુ રિફન્ડની અરજી અંગે અધિકાર-ઓથોન્ટીફીકેશન ન હોવાના કારણે, ડેફીથીઅન્સી મેમો બજાવવામાં આવતા ફરીથી રીફન્ડની અરજી કરવામાં આવી. ત્યારબાદ ફરીથી

કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

રિફન્ડની અરજી નામંજૂર કરવા માટે તા. 1-10-25ના રોજ નોટિસ બજાવવામાં આવી. તો આવી નોટિશ બજાવ્યાના 15 દિવસમાં અરજદાર દ્વારા તા. 13-10-25ના રોજ, તેમના ટેક્ષ કન્સલ્ટન્ટ ટેક્ષ ઓડિટના કામમાં રોકાયેલ હોવાથી, મુદત આપવા માંગણી કરવામાં આવી પરંતુ તેને અવગણીને અરજદારની રિફન્ડની અરજી નામંજૂર કરતો તેજ દિવસે એક્ષપાર્ટી ઓર્ડર પસાર કરવાનો આવતા, અરજદાર દ્વારા તે આદેશને પડકારતી રીટ-પીટીશન ના.હાઇકોર્ટ સમક્ષ ફાઇલ કરવામાં આવી.

દલીલ...

અરજદાર વિધ્વાન એડવોકેટ તરફથી દલીલ કરતા જણાવવામાં આવ્યું કે નિયમ 92(3) અનુસરા, સમય મર્યાદામાં અરજદાર તરફથી મુદત માટે રજૂઆત કરવામાં આવેલ અને કલમ 75(5) મુજબ 3 મુદત આપવી જરૂરી હયો, તે આપ્યા વગર પસાર કરવામાં આવેલ આદેશ રદ કરવા પાત્ર છે.

ચૂકાદો...

ના.હાઇકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે આ કેસમાં સુનાવણી માટે મુદતની માંગણી અને રિફન્ડ અરજી નામંજૂર કરતા આદેશ બાબતે કોઇ તકરાર ન હતી. આ કેસમાં અરજદારની સુનાવણી માટે મુદત આપવા માટેની અરજી કોઇ જ નિર્ણય કર્યા વગર રિફન્ડની અરજી નામંજૂર કરતો આદેશ પસાર કરવામાં આવ્યો છે. ના.હાઇકોર્ટે કલમ 75(5)ની નોંધ લઇને જણાવ્યું કે 6 મુદત માંગી શકાય આવી કલમ 75(5) ની જોગવાઇ મુજબ અરજદારે 3 મુદતનો ઉપયોગ કર્યો ન હતો કે મુદત માંગેલ નથી એમ જણાવી તા. 13-10-25નો ઓર્ડર ગેરકાયદેસર ઠેરવી રદ કર્યો અને કેસ રીમાન્ડ કરી, અરજદારની રિફન્ડની અરજીનો, અરજદારને સાંભળવાની તક આપ્યા ાદ 12 અઠવાડિયામાં કાયદા અનુસાર નિર્ણય લેવા અધિકારીને ફરમાવ્યું.

ટેરિફ પર સુપ્રીમ કોર્ટની બ્રેકથી સોના-ચાંદીમાં 'કરન્ટ'

સ્પોટ ગોલ્ડ $5071 પર પહોંચ્યું; ભારતીય બજારમાં સોનાનો ભાવ રૂ.1,56,993 અને ચાંદી રૂ.2.50 લાખને પાર

મુંબઇ, તા. 21: યુએસ સુપ્રીમ કોર્ટના પારસ્પરિક ટેરિફ રદ કરવાના નિર્ણયથી સોના અને ચાંદીને પાંખો મળી છે. બંને કિંમતી ધાતુઓના ભાવમાં દેશ અને વિદેશમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. સ્પોટ ગોલ્ડ 1.5 ટકા વધીને 5071.48 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયો છે. અહીં, ભારતમાં, કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સમાં પણ ગોલ્ડ વાયદામાં સાંજના ટ્રેડિંગમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જો કે, યુએસ જીડીપી ડેટા અપેક્ષિત કરતા નબળા અને ડોલરમાં નરમાશને કારણે સોનાના ભાવ પર પણ અસર પડી હતી. વિદેશી બજારમાં અમેરિકન ગોલ્ડ વાયદો 1.7 ટકા વધીને 5080.90 ડોલર પ્રતિ ઔંસ પર બંધ રહ્યો છે. ચાંદીના ભાવ 5.8 ટકા વધીને 82.92 ડોલર પ્રતિ ઔંસ થયા છે. અહીં, ભારતમાં, એમસીએક્સમાં સાંજના કારોબારમાં ગોલ્ડ ફ્યુચર્સ અને સિલ્વર ફ્યુચરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. ગોલ્ડ ફ્યુચર્સ (એપ્રિલ ડિલિવરી) 2174 રૂપિયા અથવા 1.4 ટકા વધીને 1,56,993 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયો છે. ચાંદી વાયદો 10,649 રૂપિયા અથવા 4.41 ટકા વધીને 252042 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ રહ્યો હતો. બીજી તરફ, 20 ફેબ્રુઆરીએ અમેરિકન શેરબજારમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુએસ સુપ્રીમ કોર્ટના ટ્રમ્પ ટેરિફ ખતમ કરવાના નિર્ણયથી રોકાણકારો ખુશ છે. 23 ફેબ્રુઆરીએ ભારતીય શેરબજારો અને કોમોડિટી બજારો તેજી સાથે ખુલશે તેવી અપેક્ષા છે. ભારતીય શેરબજાર અને કોમોડિટી બજારો શનિવાર અને રવિવારે બંધ રહે છે. યુએસ સુપ્રીમ કોર્ટે 20 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે ટ્રમ્પે તેમના અધિકારક્ષેત્રની બહારના દેશો પર પારસ્પરિક ટેરિફ લાદ્યા છે. ટ્રમ્પ માટે આ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે આ સમયે સોના અને ચાંદીની કિંમતમાં વધારો ચાલુ રહી શકે છે. આનું મુખ્ય કારણ વૈશ્વિક અનિશ્ચિતતા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. યુએસએ વ્યૂહાત્મક રીતે ગલ્ફ ક્ષેત્રમાં તેની સ્થિતિ મજબૂત કરી છે. કેટલાક અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે તેણે ઈરાન પર હુમલો કરવાની નક્કર યોજના બનાવી છે. જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે તો તેનાથી ભૌગોલિક રાજકીય તણાવ વધશે. તેનાથી બુલિયન, ખાસ કરીને સોનાની ચમક વધશે. આવી સ્થિતિમાં સોનું નવી ઓલટાઈમ હાઈએ પહોંચી શકે છે. મોટા ઘટાડા બાદ ચાંદીના ભાવ આકર્ષક સ્તરે છે. ચાંદીનો ઔદ્યોગિક ઉપયોગ સતત વધી રહ્યો છે. આ કારણે તેની માંગ પુરવઠા કરતા વધુ છે.

વિશ્વમાં તણાવ અને અસ્થિરતા વધતાં બુલિયન ચમકે છે. અમેરિકી સુપ્રીમ કોર્ટના ટ્રમ્પ ટેરિફ ખતમ કરવાના નિર્ણય બાદ ટ્રમ્પે 10 ટકાનો નવો ટેરિફ લાદ્યો છે. પરંતુ, તેનો અમલ કેવી રીતે કરવામાં આવશે તે અંગે અનિશ્ચિતતા છે. દરમિયાન, યુએસ સરકારે તેની એજન્સીઓને નિકાસ પર પારસ્પરિક ટેરિફ વસૂલવાનું તાત્કાલિક બંધ કરવા જણાવ્યું છે. આવી સ્થિતિમાં સવાલ એ છે કે અમેરિકન સરકાર નિકાસમાંથી વસૂલવામાં આવેલા ટેરિફને ક્યારે રિફંડ કરશે. જ્યાં સુધી આ પ્રશ્નોના જવાબ ન મળે ત્યાં સુધી, રોકાણકારોને બુલિયન, ખાસ કરીને સોનામાં વધુ રસ રહેવાની અપેક્ષા છે.

શેરબજારમાં મોટો ગેપ ઓપનીંગ થશે, પણ તેજી ટકી રહે તેવી સંભાવના નહીંવત

યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ટ્રમ્પના નવા ટેરિફની જાહેરાત બજારને હંફાવશે

મુંબઇ, તા. 21: શેરબજારમાં મોટો ગેપ ઓપનિંગ શક્ય છે, પરંતુ શું સેન્સેક્સ અને નિફ્ટી ટકી રહે તેવી સંભાવના નહીંવત છે. જેનું મુખ્ય કારણ એ છે કે ટ્રેડડીલમાં ભારતને રાહત મળશે કે નહીં.

જોકે, ટ્રમ્પે એવી પણ જાહેરાત કરી છે કે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પણ ભારત સાથેના ટ્રેડ ડીલમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં.

અમેરિકી સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિવિધ દેશો પર લાદવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યો હતો. આ પછી ઇક્વિટી માર્કેટમાં સારો પ્રતિસાદ મળ્યો હતો અને અમેરિકન માર્કેટમાં તેજી જોવા મળી હતી. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીયલ એવરેજ, એસએન્ડપી 500 અને નાસ્ડેક કમ્પોઝિટ એક ટકા વધ્યા હતા. તેની અસર ભારતીય બજારો પર પણ પડી શકે છે અને સોમવારે આપણે ભારતીય બજારમાં અંતર ખોલતા જોઈ શકીએ છીએ.

અમેરિકન સુપ્રીમ કોર્ટના ટેરિફ અંગેના આદેશ બાદ ગિફ્ટ નિફ્ટી નીચલા સ્તરથી 400 પોઇન્ટનો ઉછાળો ભરીને 25,897.00 ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ગિફ્ટી નિફ્ટીનો ઉદય એ સ્પષ્ટ સંકેત છે કે સોમવારે બજારમાં મોટો ગેપ ઓપનિંગ થઈ શકે છે. ગિફ્ટી જે રીતે નિફ્ટીમાં કૂદકો લગાવતો જોવા મળી રહ્યો છે, એવો અંદાજ છે કે સોમવારે નિફ્ટી 25800ના સ્તરની ઉપર ખુલી શકે છે.

સુપ્રીમ કોર્ટની ટેરિફ પાવર પર પ્રતિબંધ બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત-અમેરિકા ટ્રેડ એગ્રીમેન્ટમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં. જોકે, તેમણે સંકેત આપ્યો હતો કે નવા ટેરિફથી અન્ય ટ્રેડ એગ્રીમેન્ટમાં ફેરફાર થઈ શકે છે. આ સિવાય અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ યથાવત છે અને ક્રૂડ ઓઇલના ભાવ વધી રહ્યા છે. જો આ તમામ પરિબળોને એક સાથે જોવામાં આવે તો શંકાસ્પદ છે કે જો સોમવારે ભારતીય બજાર વધશે તો શું તે ટકી શકશે? ભૌગોલિક-રાજકીય ઘટનાઓ વચ્ચે, રોકાણકારો ઉપલા સ્તરે નફો બુક નહીં કરે? મહત્વનો પ્રશ્ન એ છે કે સોમવારે શેરબજારમાં વધારો થાય તો પણ સેન્સેક્સ અને નિફ્ટી ઉપલા સ્તરે ટકી શકશે?

નિષ્ણાતો માને છે કે ભારતે અમેરિકા સાથે વેપાર સોદા પર ફેરવિચાર કરવો જોઈએ

સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભારત-યુએસ ટેરિફ: વિગતવાર સમજૂતી

નવી દિલ્હી, 21 ફેબ્રુઆરી (PTI): અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અનેક દેશો પર લાદવામાં આવેલી વ્યાપક ડ્યૂટી વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ, ટ્રમ્પે નવી વૈશ્વિક લેવીની જાહેરાત કરી છે. આ કારણે હવે ભારત પરનો રેસિપ્રોકલ (પરસ્પર) ટેરિફ 25 ટકાથી ઘટીને 10 ટકા થશે.

ટ્રમ્પના જાહેરનામા મુજબ, 10 ટકાનો આ કામચલાઉ આયાત સરચાર્જ 24 ફેબ્રુઆરીથી 150 દિવસના સમયગાળા માટે રહેશે. વ્હાઇટ હાઉસ દ્વારા 20 ફેબ્રુઆરીના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

ભારતીય કંપનીઓ માટે આ જાહેરાતનો અર્થ શું છે તે સમજવા માટેના મુખ્ય મુદ્દાઓ અહીં છે:

ટેરિફ

આ એક કસ્ટમ્સ અથવા આયાત ડ્યૂટી છે જે કોઈ દેશ અન્ય દેશો પાસેથી ખરીદેલા માલ પર લાદે છે. આયાતકારે આ ડ્યૂટી સરકારને ચૂકવવી પડે છે. સામાન્ય રીતે, કંપનીઓ આ ટેક્સનો બોજ ગ્રાહકો પર નાખે છે. આયાત ડ્યૂટીથી આયાત કરનાર દેશમાં માલ મોંઘો થાય છે. આ ઉપરાંત અન્ય પરિબળો પણ આમાં ભૂમિકા ભજવે છે.

રેસિપ્રોકલ ટેરિફ (RT - પરસ્પર ટેરિફ):

'રેસિપ્રોકલ ટેરિફ' શબ્દનો ઉપયોગ સૌપ્રથમ અમેરિકાએ કર્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્રે 2 એપ્રિલ, 2025ના રોજ ભારત સહિત લગભગ 60 દેશો પર આ ડ્યૂટીની જાહેરાત કરી હતી. તેનો ઉદ્દેશ્ય યુએસ નિકાસકારોને સમાન તક પૂરી પાડવાનો હતો.

ઉદાહરણ તરીકે, જો કોઈ દેશ યુએસ માલ પર X ટકા ડ્યૂટી વસૂલે છે, તો અમેરિકા તે દેશની આયાત પર તેટલી જ ડ્યૂટી વસૂલશે. આ વધારાની આયાત ડ્યૂટી છે, જે હાલના અથવા MFN (મોસ્ટ ફેવર્ડ નેશન) લેવી ઉપરાંત લાદવામાં આવે છે.

હવે ભારત પર રેસિપ્રોકલ ટેરિફ શું છે:

2 એપ્રિલ, 2025 ના રોજ, યુએસએ 26 ટકા રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી હતી. બાદમાં જુલાઈમાં, યુએસએ 7 ઓગસ્ટ, 2025થી અમેરિકન બજારોમાં પ્રવેશતા ભારતીય માલ પર 25 ટકા RT જાહેર કર્યો. ગયા વર્ષે ઓગસ્ટમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત પર વધારાના 25 ટકા ટેરિફ જાહેર કર્યા હતા, જેનાથી ભારત પર કુલ RT 50 ટકા થયો હતો.

ફેબ્રુઆરીમાં વચગાળાના વેપાર કરારના માળખા પર સંમતિ બાદ, યુએસએ જાહેરાત કરી કે તે ભારત પરના RTને ઘટાડીને 18 ટકા કરશે અને વધારાના 25 ટકા શિક્ષાત્મક ટેરિફ દૂર કરશે. તેથી હાલમાં, અમેરિકામાં ભારતના માલસામાન પર 25 ટકા RT લાગુ છે. યુએસ સુપ્રીમ કોર્ટે પ્રમુખ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કર્યા હોવાથી અને વોશિંગ્ટને 10 ટકા કામચલાઉ આયાત સરચાર્જ લાદતો નવો આદેશ જારી કર્યો હોવાથી, ભારતીય માલ પર હવે 24 ફેબ્રુઆરી, 2026થી માત્ર 10 ટકા રેસિપ્રોકલ લેવી લાગશે.

દાખલા તરીકે, જો કોઈ ઉત્પાદન પર અમેરિકામાં 5 ટકા MFN ડ્યૂટી લાગે છે, તો હવે વધારાની 10 ટકા લાદવામાં આવશે, જેનાથી અસરકારક ડ્યૂટી 15 ટકા થશે. અગાઉ, આ 5 વત્તા 25 ટકા (કુલ 30%) હતી.

એક સ્ત્રોતે જણાવ્યું કે, "અલગ-અલગ દેશો પર અલગ-અલગ RT ને બદલે, હવે RT હેઠળ આવરી લેવામાં આવેલા માલ પર દરેક માટે 10 ટકા ડ્યૂટી છે."

150 દિવસ પછી:

150 દિવસના સમયગાળા પછી ભારત જેવા દેશો પર યુએસ દ્વારા લાદવામાં આવતો રેસિપ્રોકલ ટેરિફ કેટલો હશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી.

ભારત-યુએસ વેપાર કરાર:

દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાના કાયદાકીય લખાણને આખરી ઓપ આપવા માટે, ભારતીય ટીમ 23 ફેબ્રુઆરી, 2026થી વોશિંગ્ટનમાં તેના સમકક્ષોને મળવાની છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે 20 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે ભારત અને યુએસ આવતા મહિને આ સોદા પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે, અને તે એપ્રિલમાં અમલી બની શકે છે.

નિષ્ણાતોનો અભિપ્રાય:

થિંક ટેન્ક GTRI એ જણાવ્યું હતું કે, ભારતીય માલ પરનો RT 25 ટકાથી ઘટીને 10 ટકા થઈ ગયો હોવાથી ભારતે યુએસ સાથેના વેપાર કરારનું પુનઃમૂલ્યાંકન કરવું જોઈએ. ભારત યુએસ માટે ટેરિફ ઘટાડવા સંમત થયું હતું કારણ કે વોશિંગ્ટને ભારત પર RT ઘટાડીને 18 ટકા કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ હવે યુએસએ તમામ રાષ્ટ્રો માટે RT ઘટાડીને 10 ટકા કરી દીધો છે. "સોદા એ સખાવત નથી. બંને પક્ષોને ફાયદો થવો જોઈએ. હવે, ભારતના ફાયદાનું નવેસરથી મૂલ્યાંકન કરવાની જરૂર છે," GTRIના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું.

રેખા ઝુનઝુનવાલા પોર્ટફોલિયોના સાત શેરો 52 સપ્તાહની ઊંચી સપાટીથી 50 ટકા સુધી ઘટ્યા

સાત કંપનીઓના શેરમાં સૌથી વધુ એપ્ટેક 50 ટકા સહિત ક્રિસિલ, જિયોજિત ફાઇ.,એનસીસી તથા જયુબિલન્ટ ફાર્મોવા ઘટ્યા હતા

નવી દિલ્હી, તા. 21

દિગ્ગજ રોકાણકાર રેખા ઝુનઝુનવાલાના પોર્ટફોલિયોમાં તાજેતરની બજારની ઉથલપાથલમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. રેખા ઝુનઝુનવાલાના કેટલાક હોલ્ડિંગ્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીથી 50 ટકા સુધી ઘટ્યા હતા.

દિવંગત રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાની પત્ની રેખા ઝુનઝુનવાલાના પોર્ટફોલિયોમાં વિવિધ સેકટરની કંપનીઓનો શેર છે. જેમાં બેન્કિંગ, હેલ્થકેર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા સેકટરોના શેરોનો સમાવેશ થાય છે. તાજેતરની બજારની ઉથલપાથલને કારણે તેના પોર્ટફોલિયોના કેટલાક શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. ખાસ કરીને કેટલાક હોલ્ડિંગ્સ તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીથી 50 ટકા જેટલો ઘટ્યા છે. જોકે, નિષ્ણાતો માને છે કે આ એક અસ્થાયી ઘટાડો છે. રેખા ઝુનઝુનવાલાની વ્યૂહરચના ઉચ્ચ ગુણવત્તાવાળી કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે રિકવરીમાં મજબૂત સાબિત થઈ શકે છે.

રેખા ઝુનઝુનવાલાના પોર્ટફોલિયોમાં જે શેરોમાં ઘટાડો થયો છે, તેની તરફ નજર કરીએ તો તેમાં એપ્ટેક લિ. છે, જે 52 વીકની ઉંચાઇએથી 50 ટકા ઘટીને રૂ. 92 બોલાઇ રહ્યો છે.

ક્રીસીલ 25.5 ટકા ઘટીને રૂ. 4571, જિયોજિત ફાઇ. સર્વિસીસ 30 ટકા ઘટીને રૂ. 66, જયુબિલન્ટ ફાર્મોવા લિ. 29 ટકા ઘટીને રૂ. 877, એનસીસી બાવન વીકની ઉંચાઇએથી 28 ટકા ઘટીને રૂ. 149 અને વીએ ટેકવાબાગ 24.5 ટકા ઘટીને રૂ. 1680 અને સનડ્રોપ બ્રાન્ડસ લિ. બાવન વીકની ઉંચાઇએથી આશરે 31 ટકા ઘટીને રૂ. 960નો ભાવ બોલાઇ ગયો છે.

દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પથ્યાદિ ચૂર્ણ

પાચન , અને મૃદુ વિરેચન માટે આ ઉપાય સારો છે. ઠળિયા કાઢી નાખીને લીધેલી હરડે 100 ગ્રામ, સૂંઠ 30 ગ્રામ, સિંધવ 10 ગ્રામ ભેળવી બારીક ચૂર્ણ કરી રાખવું. રોજ રાત્રે હુંફાળા પાણીમાં 3 થી 5 ગ્રામ ચૂર્ણ લો. સવારમાં પેટ સાફ થઈ જશે.

10 વર્ષમાં પ્રથમ વખત એમેઝોને વાર્ષિક આવકની દ્રષ્ટિએ વોલમાર્ટને પછાડી દીધું

અમદાવાદ, તા. ૨૧: રિટેલની દુનિયામાં એક નવા યુગની શરૂઆત થઈ છે. સુપ્રસિદ્ધ ઈ-કોમર્સ કંપની એમેઝોને વાર્ષિક આવકની દ્રષ્ટિએ વોલમાર્ટને પાછળ છોડી દીધું છે, જે વિશ્વની સૌથી મોટી કંપનીનું બિરૂદ મેળવે છે. આ સિદ્ધિ માત્ર એમેઝોનના વિશાળ વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/સાલાસર/કેપલોન	રૂા.
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩
૩૦/૩૬ એફડી	૨૩૮
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧
૬૮/૩